પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૩ | ૨૪ જાન્યુઆરી, ૨૦૧૭, મંગળવાર ; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તામીલનાડુમાં જલીકટ્ટુ મુદ્દે હિંસક તોફાનો

## દેખાવકારો ઉપર પોલીસનો જોરદાર લાઠીચાર્જ : લાઠીચાર્જ બાદ નારાજ થયેલા લોકોએ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કર્યો : વાહનોને આગ ચાંપી દીધી



ચેન્નાઈ,તા. ૨૩

તમિળનાડુમાં જલીકટ્ટુને લઈને ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનનો દોર આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. પાટનગર ચેન્નાઈમાં મરીના બીચથી પોલીસે દેખાવકારોને દૂર કરવા માટે કાર્યવાહી કરી હતી. પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. જેના પરિણામ સ્વરુપે ૫૦થી વધુ દેખાવકારોએ આઈસહાઉસ પોલીસ સ્ટેશનને આગ ચાંપી દીધી હતી અને પોલીસ સ્ટેશનની બહાર ઉભેલી ૧૫થી વધુ ગાડીઓને આગ ચાંપી દીધી હતી. વિરોધ કરી રહેલા લોકોએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાની આ ઘટનામાં ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા છે. રાજ્યમાં અન્ય વિસ્તારોમાં પણ હિંસક વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. પોલીસે જલીકટ્ટુના આયોજનના સ્થાયી સમાધાનને લઈને છેલ્લા એક સપ્તાહથી મરીના બીચ ઉપર દેખાવ કરી રહેલા સેંકડો દેખાવકારોને આજે સવારે હટાવવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસની કાર્યવાહી દરમિયાન દેખાવકારોએ માનવ સાંકળ રચીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ પોલીસે તેમના ઉપર જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. આમા ઘણા લોકો ઘાયલ થયા હતા. લાઠીચાર્જના કારણે સ્થિતિ વધારે વણસી ગઈ હતી. આવી સ્થિતિમાં દેખાવકારોએ હિંસક સ્વરુપ ધારણ કરીને પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## જલીકટ્ટૂ બિલ અંતે પસાર

### જલીકટ્ટૂ બિલ વટહુકમની જગ્યા લેશે : આની સાથે જ રાજ્યભરમાં જલીકટ્ટૂના આયોજનને કાયદેસરની મંજુરી : સ્થિતિમાં સુધારો થાય તેવી પ્રબળ સંભાવના

ચેન્નાઈ,તા. ૨૩

દેખાવકારો ઉપર જોરદાર લાઠીચાર્જ બાદ જારી હિંસા વચ્ચે તમિળનાડુ વિધાનસભાના ખાસ સત્રમાં જલીકટ્ટૂ બિલ આજે સર્વસંમતિથી પસાર કરી દેવામાં આવ્યું હતું. મિનિટોના ગાળામાં જ પસાર કરવામાં આવેલું આ બિલ વટહુકમની જગ્યાએ લઈને આવવામાં આવ્યું છે. જલીકટ્ટૂને લઈને કાયમી સમાધાન કરવા માટે પ્રજાએ અપીલ કર્યા બાદ આ બિલ લાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં જ વટહુકમ જારી કરવામાં આવ્યો હતો પરંતુ આને લઈને દેખાવકારો શાંત થયા ન હતા. આની સાથે જ રાજ્યમાં જલીકટ્ટૂ માટેનું આયોજન હવે કાયદેસર થઈ ગયું છે. બીજી તરફ રાજ્યમાં હિંસક વિરોધ પ્રદર્શનો આજે જારી રહ્યા હતા. આ અગાઉ રાજ્યપાલ વિદ્યાસાગર રાવ દ્વારા શનિવારના દિવસે જ જલીકટ્ટૂ સાથે સંબંધિત વટહુકમને મંજુરી આપી દીધી હતી. આનાથી રાજ્યમાં જલીકટ્ટૂના આયોજનને લઈને રસ્તો સાફ થઈ ગયો હતો પરંતુ સમર્થકો કાયમી ઉકેલની વાત કરી રહ્યા હતા. જલીકટ્ટૂ બિલના નવા કાયદા હેઠળ હવે આના આયોજનની સીસીટીવી રેકોર્ડિંગ કરવાની ફરજ પડશે. આ દરમિયાન તમિળનાડુની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે.

## ન્યુઝ ટ્રેક

### મુલાયમના પુત્રવધૂ અપર્ણા ચૂંટણી જંગમાં



સમાજવાદી પક્ષના સુપ્રિમો મુલાયમસિંહ યાદવના બીજા પુત્ર પ્રતિક યાદવના પત્નિ અપર્ણા યાદવ લખનઉ કેન્ટમાંથી ચૂંટણી લડશે. ભાજપના નેતા રીટા બહુગુણા સામે અપર્ણા સીધો જંગ ખેલશે.

### સૌરવ ગાંગુલીના નામે ઈડન ગાર્ડનમાં સ્ટેન્ડ



કોલકત્તાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં ભારતીય ક્રિકેટ ટીમના તેજસ્વી ક્રિકેટર સૌરવ ગાંગુલીના નામે એક સ્ટેન્ડ નીયત કરાયો છે. બીજુ એક સ્ટેન્ડ જગમોહન દાલમીયાના નામે છે. ક્રિકેટની હસ્તીઓના નામ સાથે સ્ટેન્ડને જોડવાના વ્યાપક અભિયાને સરાહના મળી છે.

### કપિલ શર્મા નવી ફિલ્મ 'ફિરંગી' બનાવી રહ્યો છે



જાણીતા કોમેડિયન અને ટીવી પર્સનાલીટી કપિલ શર્માએ ફિલ્મ ફિરંગી બનાવવાની જાહેરાત કરી છે. તેઓ આ ફિલ્મના એક્ટર અને પ્રોડ્યુસર રહેશે.

### ગઠબંધનમાં પ્રિયંકાની મુખ્ય ભૂમિકા રહી



સપા-કોંગ્રેસના ગઠબંધનને પાકુ કરાવવામાં પ્રિયંકા વાઢેરાની ભૂમિકા મુખ્ય રહી છે. કોંગ્રેસના વરીષ્ઠ નેતા ગુલામનબી આઝાદે જણાવ્યુ હતુ કે પ્રિયંકાએ અખિલેશ યાદવ સાથે ફોન પર વાતચીત કરી ગઠબંધનને આખરી ઓપ આપ્યો હતો.

### ગોવામાં વિદ્યાર્થીઓને દર મહિને ૫ લી. પેટ્રોલ આપશે કોંગ્રેસ

ગોવા વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષના ચૂંટણી ઢંઢેરામાં એવી જાહેરાત કરાઈ છે કે કોંગ્રેસ સત્તા પર આવશે તો દરેક વિદ્યાર્થીને દર મહિને ૫ લિટર પેટ્રોલ મફત અપાશે.

## વિજય માલ્યાની યુબી ગ્રુપની ઓફિસો પર વ્યાપક દરોડા

બેંગ્લોર, તા.૨૩

ચર્ચાસ્પદ અને વિવાદોમાં રહેલા કારોબારી વિજય માલ્યાના યુબી ગ્રુપની ઓફિસો ઉપર સીબીઆઈના વ્યાપક દરોડાથી આજે ખળભળાટ મચી ગયો હતો. બેંગ્લોરમાં આ દરોડાની કાર્યવાહી મનીલોન્ડરિંગ કેસના સંદર્ભમાં હાથ ધરવામાંઆવી હતી. મોડી સાંજ સુધી તપાસની કાર્યવાહી ચાલી રહી હતી. સીબીઆઈની જુદી જુદી ટુકડીઓ સવારથી જ સક્રિય રહી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર આ કાર્યવાહી કંપની સામે ચાલી રહેલા મની લોન્ડરિંગ મામલે કરવામાં આવી છે. ડેટ રિકવરી ટ્રિબ્યુનલ કિંગફિશરના મામલે બેન્કોને માલ્યા પાસેથી ૬૨૦૩ કરોડ રૂપિયાની રિકવરીના આદેશ અગાઉથી જ આપી ચુકી છે.

## બજેટમાં કેટલાક કરવેરામાં રાહત મળે તેવા સ્પષ્ટ સંકેત

સરકાર નોટબંધી બાદ ઉભી થયેલી સ્થિતિને ધ્યાનમાં લઈને અર્થ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે આગામી બજેટમાં પ્રત્યેક્ષ કરવેરામાં કેટલીક રાહતો આપી શકે છે. એસબીઆઈના રિપોર્ટમાં આ મુજબની વાતકરવામાં આવી છે. આવકવેરા મુક્તિ મર્યાદાને ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૩ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત બેંકોમાં પાંચ વર્ષની અવધિ માટે જમાના બદલે ત્રણ વર્ષની સમય અવધિ જમા પર કરવેરા છુટછાટ આપી શકે છે.

# બજેટ મોકુફ રાખવાની અરજી સુપ્રીમે ફગાવી

### સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને બજેટને ટાળવાની માંગ કરીને કરવામાં આવેલી દલીલો ફગાવાઈ : બજેટથી રાજ્યોની ચૂંટણી પર અસરો નહીં થાય

નવી દિલ્હી, તા.૨૩

સામાન્ય બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે જ રજૂ કરવામાં આવશે. આને લઈને ચાલી રહેલી તમામ પ્રકારની અટકળોનો અંત આવી ગયોછે. સુપ્રીમ કોર્ટે પણ પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવા માટે કેન્દ્ર સરકારને મંજુરી આપી દીધી છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં બજેટ રજૂ કરવા સામે વાંધો ઉઠાવીને અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, કેન્દ્ર સરકાર બજેટ રજૂ કરીને ચૂંટણીવાળા રાજ્યોમાં લાભ ઉઠાવવાના પ્રયાસ કરી શકે છે જેથી બજેટ હાલમાં ટાળી દેવામાં આવે અને ચૂંટણી બાદ જ બજેટ રજૂ કરવામાં આવે. કોંગ્રેસ સહિતના અનેક વિરોધ પક્ષોએ આ મુજબની રજૂઆત કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આજે આ પ્રકારની દલીલોને ફગાવી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કેજરીવાલઃ ચૂંટણી પંચના આક્ષેપ આધારવિહિન છે

### પોતાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી લેવા પંચને અપીલ : જવાબની કોપી ટ્વિટર એકાઉન્ટ પર પણ પોસ્ટ



નવી દિલ્હી,તા. ૨૩

ચૂંટણી પંચ દ્વારા લાંચ સંબંધિત ટિપ્પણી ઉપર દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પાસેથી માંગવામાં આવેલા જવાબનો કેજરીવાલે જવાબ આપ્યો છે. કેજરીવાલે આજે લેખિતમાં જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, ચૂંટણી પંચના આક્ષેપો બિલકુલ આધારવગરના છે. સાથે સાથે કેજરીવાલે પોતાના જવાબમાં ચૂંટણી પંચને લખ્યું છે કે તે તેમને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી લે. કેજરીવાલે પોતાના જવાબની એક કોપી ટ્વિટર એકાઉન્ટ ઉપર પણ પોસ્ટ કરી દીધી છે. કેજરીવાલે પોતાના જવાબમાં લખ્યું છે કે, ચૂંટણી પંચ છેલ્લા ૭૦ વર્ષથી ચૂંટણીના પૈસાના વરસાદને રોકવામાં નિષ્ફળ પ્રયાસો કરી રહ્યું છે. કેજરીવાલે કહ્યું છે કે, બીજી પાર્ટી પૈસા આપે તો લઈ લેવામાં આવે પરંતુ વોટ ઝાડુને

● અનુસંધાન પાન-૭ પર

## રણજીત સિંહા સામે તપાસના આદેશ

નવીદિલ્હી, તા.૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સનસનાટીપૂર્ણ કોલસા કૌભાંડ કેસમાં સંડોવણી બદલ સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર રણજીત સિંહા સામે તપાસ હાથ ધરવા આજે સીબીઆઈને આદેશ કર્યો હતો. આની સાથે રણજીત સિંહાની મુશ્કેલીમાં વધારો થઈ ગયો છે. કરોડો રૂપિયાના કોલસા કૌભાંડમાં સત્તાના દુરુપયોગના મામલામાં સિંહાને જવાબદાર ગણીને આ કાર્યવાહી હાથ ધરવાનો આદેશ કરવામાં આવ્યો છે. કોલસા કૌભાંડમાં રહેલા આરોપીઓ પૈકીના કેટલાકની સાથે વારંવાર બેઠકો યોજીને રણજીત સિંહાએ સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

# ખાનગી સ્કૂલો સ્વૈચ્છિક રીતે ફી વધારી શકે નહીં : સુપ્રીમ

### ફીમાં વધારો કરવા સરકારની મંજુરી જરૂરી : પ્રાઈવેટ સ્કૂલો દ્વારા હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમમાં અપીલ કર્યા બાદ ચુકાદો : વાલીમાં મોટી રાહતનું મોજુ

નવી દિલ્હી,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું હતું કે, ખાનગી સ્કૂલો મનમરજીથી ફીમાં વધારો કરી શકે નહીં. આના માટે સરકારની મંજુરી જરૂરી બને છે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવીને આજે સ્પષ્ટતા કરી હતી કે, ડીડીએની જમીન ઉપર ચાલી રહેલી ખાનગી સ્કૂલ મંજુરી વગર ફીમાં વધારો કરી શકે નહીં. પ્રાઈવેટ સ્કૂલોએ હાઈકોર્ટના ચુકાદાની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી જેના ઉપર સુપ્રીમ કોર્ટે આજે આ અંગેનો મહત્વનો ચુકાદો આપ્યો હતો. આ અગાઉ સ્કૂલોએ હાઈકોર્ટના આ ચુકાદાને ગેરકાયદે ગણાવીને કહ્યું હતુ કે, દિલ્હી સ્કૂલ એજ્યુકેશન એન્ડ રુલ્સ ૧૯૭૩ કહે છે કે, સ્કૂલોને પોતાની ફીમાં વધારો કરવાનો અધિકાર છે. અત્રે નોંધનીય છે કે, પાટનગરમાં ૪૦૦થી વધારે સ્કૂલ ડીડીએની જમીન ઉપર ચાલી રહી છે. એક્શન કમિટિ અનએડેટ રિકોગ્નાઈઝ્ડ પ્રાઈવેટ સ્કૂલના પ્રમુખ એસકે

● અનુસંધાન પાન-૭ પર

Study in Australia
April / July Intake
FREE CONSULTING
ABROAD MANAGEMENT
301, Kush Complex, Opp. Anika Silk Saree Showroom,
Nr.Naranpura Police Chowki Char Rasta, Naranpura, Ahmedabad
M : 70165 14480 - 99247 46557

ડૉ. આર. એસ. કીરી
(સિવિલ એન્જીનીયર)
પાયરાવાસ્તુ એક્ષપર્ટ, ફેંગશુઇ અને વાસ્તુશાસ્ત્ર એડવાઇઝર
પીરામીડ વાસ્તુશાસ્ત્ર
● વાસ્તુ સિદ્ધાંત શાસ્ત્રી ● વાસ્તુ સાગર ● વાસ્તુ શિરોમણી
● ઓનરરી ડોક્ટરેટ ઇન વાસ્તુશાસ્ત્ર
ભારત ઉપરાંત ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા અને થાઇલેન્ડ જેવા દેશોમાં રૂબરૂ વાસ્તુ કન્સલ્ટીંગ દ્વારા ઘણાં લોકોને હકારાત્મક પરિણામો મળેલ છે.
એપોઇન્ટમેન્ટ લઇને મળવું. મો.: ૯૪૨૬૬૫૧૦૨૦
૫, આતેશ સોસાયટી, વસ્ત્રાપુર રેલ્વે ક્રોસિંગ પાસે, વેજલપુર, અમદાવાદ-૫૧. ફોન : ૦૭૯-૨૬૮૧૧૦૨૦



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ધોરણ – ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે
GUJCET, NEET, P.M.T., અને JEE ના
તદ્દન વિનામૂલ્યે (મફત) તાલીમ વર્ગોનું આયોજન
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર (ગુ.રા.) ના સહયોગથી, ધો. ૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય તેમજ ધો.૧૦ માં ૮૦% કે તેથી વધુ ગુણ મેળવેલ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી આર્થિક પછાત વર્ગની કન્યાઓને કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ.૪.૫૦ લાખ કરતા વધારે ન હોય તેમને ચાલુ વર્ષે GUJCET, NEET, P.M.T., અને JEE ના તાલીમ વર્ગમા જોડાવાનો લાભ મળશે. આ બાબતે લાગતા વળગતા વિધાર્થી-વિધાર્થીનીઓએ રજીસ્ટ્રેશન માટે વહેલા તે પહેલાના ધોરણે નીચેના સરનામે દિન-3 માં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.
સ્થળ: ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ (ગરૂડ)
એમ-૧૧, સુમન ટાવર, સેક્ટર-૧૧, "ચ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૧
સંપર્ક: ૦૭૯-૨૩૨૪૫૪૭૫, ૯૩૭૫૭૫૭૯૭૫ સમય: સવારે ૧૦:30 થી સાંજે ૫:00

'લક્ષ્ય' MISSION PAY BACK TO THE SOCIETY
ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા ૨૦૧૭માં લેવાનાર વર્ગ – ૧ અને વર્ગ – ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા માટેના અનુસૂચિત જાતિના યુવક યુવતિઓ માટેના તાલીમ વર્ગ
✓ સ્પીપાના નિષ્ણાંત ફેકલ્ટીઝ અને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન
✓ સમૃદ્ધ ગ્રંથાલય – વિનામૂલ્યે પુસ્તકોનું વાંચન
✓ નિયમિત પરીક્ષા
તાલીમવર્ગો તા. ૦૧/૦૨/૨૦૧૭થી GPSC વર્ગ – ૧ અને વર્ગ – ૨ની પરીક્ષા લેવાય ત્યાં સુધી ચાલશે.
સમય સાંજના ૬:૦૦ થી ૯:૦૦
ફી રૂ. ૧૦,૦૦૦/–
તાલીમાર્થીઓએ એક જ સમયે માત્ર એકવાર સમગ્ર તાલીમ માટે ભરવાના રહેશે.
"લક્ષ્ય" બીજો માળ, બી–બ્લોક, અટ્રીયા, સરગાસણ ચાર રસ્તા, સરખેજ–ગાંધીનગર હાઈવે, ગાંધીનગર
મો. ૮૪૦૧૩ ૦૫૪૬૮, ૯૮૨૫૦ ૩૧૩૮૩, ૯૮૨૫૬ ૩૨૮૩૮